**ક્રિમીનલ કેસ નં.૨૩૯૯/૨૦૨૫**

**-: આંક-૧ હેઠળ હુકમ :-**

૧) સદર કામે ફરિયાદપક્ષ ધ્વારા આંક-૯ થી પુરસીસ આપી જાહેર કરેલ છે કે,

> ''સદર કેસ દાખલ કરેલ તે પહેલા તહોમતદારને આપેલ ધીરાણ વાળુ વાહન લોન ભરપાઈ ન કરતા જપ્ત કરી વેચાણ કરેલ છે અને વાહનની જે રકમ તેમના લોન ખાતામાં જમા આપેલ છે અને બાકી રહેતી રકમનો આ કેસ કરેલો છે. પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટ આધીન વાહન જપ્ત કર્યા બાદ એચ.પી.એગ્રીમેન્ટ અસ્તિત્વમાં રહેતો ના હોઈ તેમ ઠરાવેલ છે. સદર ચુકાદા સામે નામદાર સુપ્રિમકોર્ટમાં અપીલ પેન્ડીંગ છે અને જો નામદાર સુપ્રિમકોર્ટમાં ફરિયાદીની તરફેણમાં ચુકાદો આવે અને સદર ચુકાદા ધ્વારા અથવા તો અન્ય કાયદા ધ્વારા ફરિયાદીને ફરી કેસ ફાઈલ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય તો તે અધિકારના આધારે ફરિયાદ ફરી ફાઈલે કરવાની શરતે વીડ્રો કરીએ છીએ જે જાહેર થાય. ''

૨) ઉપરોકત પુરસીસને રેકોર્ડેડ કરવામાં આવેલ છે. જો નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા અથવા તો અન્ય કાયદા ધ્વારા સદર પ્રકારના કેસમાં ફરિયાદીને કેસ ફરી ફાઈલે કરવાનો અધિકાર આપવામાં આવશે, તો જ હાલનો કેસ ફરી ફાઈલે કરવાની મંજુરી આપવામાં આવશે.

૩) હાલનો કેસ ઉપરોકત હકીકતો સબબ વીડ્રો તરીકે ફેંસલ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૧મી માહે જુલાઈ સને-૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **મુ.નડીઆદ.**<br>**તા.૧૧/૦૭/૨૦૨૬** | **(કુ.દર્શના પ્રહલાદભાઈ છાટબાર)**<br>અધિક જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,<br>નડીઆદ.<br>કોડ નં.જી.જે.૦૧૪૨૬ |